॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૨**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** **(૭)**

૧. સમ પૃથ્વીથી નક્ષત્રના વિમાન કેટલા ઊંચે છે? ઉત્તમ લક્ષણ કેટલા છે? **૮૮૪ યોજન. ૧૦૦૮.**

૨. પરિગ્રહ એટલે શું? **મૂર્ચ્છા (આસક્તિ), મમત્વ (મારાપણું).**

૩. વહાલા લાગે તેવા પાપ કયા? **પરિગ્રહ, રાગ, પૈશુન્ય.**

૪. શ્રમણધર્મ એટલે શું? તે કેટલા છે? **સંયમ અને તપમાં નિરંતર શ્રમ કરનાર. તે દશ છે.**

૫. પચ્ચકખાણ આવશ્યકથી શું લાભ થાય છે? **ઈચ્છા નિરોધ થાય, તૃષ્ણા રહિત થવાથી પરમ શાંતિ પમાય.**

૬. બે વ્યક્તિ વચ્ચે કેવો વ્યવહાર કરવાનો નથી?

**બે વ્યક્તિ વચ્ચે ક્લેશ–કંકાસ થાય તેવો વ્યવહાર કરવાનો નથી.**

૭. આપણી સર્વ પ્રવૃત્તિના મૂળમાં શું છે? એક શબ્દમાં લખો. **આપણી માન્યતા**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૮)**

૧. આવશ્યકના ભેદ લખો. **દ્રવ્ય આવશ્યક, ભાવ આવશ્યક.**

૨. માર્ગ એટલે શું? **ઉપાય. આવશ્યક મોક્ષના ઉપાયભૂત હોવાથી તેને માર્ગ કહે છે.**

૩. ~~આવશ્યકના પર્યાયવાચી નામ કયા સૂત્રમાં છે? સૂત્રનું માત્ર નામ લખો.~~ **~~અનુયોગદ્વાર સૂત્રમાં.~~**

૪. સંયમમાં લાગેલા દોષોની આલોચના શેનાથી થાય છે? એક શબ્દમાં લખો. **પ્રતિક્રમણ.**

૫. શેના વિના આત્મશુદ્ધિ થઈ શક્તી નથી? **ભાવ આવશ્યક વિના આત્મશુદ્ધિ થઈ શક્તી નથી.**

૬. કોણે પ્રતિક્રમણના પર્યાયવાચી શબ્દોનું કથન કર્યું છે? **અચાર્ય ભદ્રબાહુ સ્વામીએ.**

૭. આવશ્યકનો ક્રમ શેના પર અવસ્થિત છે? **વિશેષ કાર્ય-કારણ ભાવની શૃંખલા પર.**

૮. આવશ્યકમાં કેટલા અધ્યયન છે? તેને શું કહેવાય છે? બે શબ્દમાં લખો. **છ, અધ્યયન શતક વર્ગ**

(૧૦)

**પ્ર.૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. પાંચ સ્કંધ કોનો મત છે? તેઓ શેને માને છે? **બૌદ્ધ દર્શન, ક્ષણિકવાદ**

૨. ઉપસર્ગો કયા છે? **અનુકૂળ, પ્રતિકૂળ**

૩. આત્મષષ્ઠવાદ આત્માને શું માને છે? **શાશ્વત, નિત્ય**

૪. અહિંસા કયા ભાવને પ્રગટાવે છે? **સમભાવ, વીતરાગ ભાવ**

૫. જગતમાં શું અનિત્ય છે? **પદાર્થો, સંબંધો**

૬. સાધક પરિસ્થિતિને કેવી રીતે સ્વીકારે છે? **સમજણપૂર્વક, સમભાવપૂર્વક**

૭. જીવને શેની આકાંક્ષા જાગૃત થાય છે? **માન, સન્માન**

૮. બીજા અધ્યયનનું નામ શું છે? **વૈતાલિય, વૈદારિક**

૯. ચાર્વાક દર્શન કયા આગમને પ્રમાણ માનતા નથી? **અનુમાન, આગમ**

૧૦. પોતાના શાસનનું શું જોઇને શુદ્ધાત્માને રાગ-દ્વેષ થાય છે? **ઉત્કર્ષ, અપકર્ષ**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. વ્યાખ્યા લખો. વેદના ભય, નૈગમ નય, દ્વિતો વક્રા, છત્ર રત્ન (૪)

વેદના ભય : **રોગ, પીડા આદિનો ભય.**

નૈગમ નય : **વસ્તુના બોધ માટે અનેક વિકલ્પોને સ્વીકારે.**

દ્વિતો વક્રા : **બે દિશામાં વક્ર શ્રેણી.**

છત્ર રત્ન : **વૃષ્ટિ, તાપ, વાયુ આદિથી રક્ષણ કરે.**

૨. પર્યાયાર્થિક નયના નામ લખો. **ઋજુસૂત્ર નય, શબ્દ નય, સમભિરુઢ નય, એવંભૂત નય.** (૨×૨)

૩. પૂર્વાભિમુખ છેલ્લી ચાર નદીઓના નામ લખો. **સીતા નદી, નરકન્તા નદી, સુવર્ણકુલા નદી, રક્તા નદી.**

૪. પરિભાષ દંડનીતિ કોના સમયમાં હતી? (૧×૧)

**ચક્રવર્તી ભરતના સમયમાં. કોઇ ઋષભદેવ સ્વામીએ શરૂ કરી એમ માને છે.**

૫. સાત વર્ષમાંથી એકાંત કર્મભૂમિના ક્ષેત્રના નામ લખો. એક શબ્દમાં લખો. **મહાવિદેહ ક્ષેત્ર.**

(૧૫)

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. ભગવતી સૂત્ર ...... શતક ...... ઉદ્દેશક ...... છે. **૩, ૧૧, ૯**

૨. શિવ રાજર્ષિના મતે આ લોકમાં સાત ...... અને સાત ...... છે. **દ્વીપ, સમુદ્ર**

૩. ......, ...... અને ...... થી અગ્નિમાં હોમ કર્યો. **મધ, ઘી, ચોખા**

૪. શિવભદ્રકુમાર ......, ...... અને ...... ની સારી રીતે દેખરેખ કરતા હતા. **રાજ્ય, રાષ્ટ્ર, સૈન્યાદિક**

૫. આ અધ્યયનમાં ......, ...... અને ...... સુધીનું વિસ્તૃત વર્ણન છે. **સંયમ, તપસાધના, મોક્ષગમન**

૬. પ્રભુની વાત સાંભળીને ......, ......, ...... બન્યા. **શંકિત, કાંક્ષિત, સંદિગ્ધ**

૭. એક ...... પરિણામી જીવ, ...... ધર્મી હોવા છતાં ...... ના માધ્યમે સત્ય સમજ્યા. **ભદ્ર, અન્ય, પ્રભુ**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. ભગવાન મહાવીર હસ્તિનાપુર નગરીમાં પધાર્યા. **ખોટું. ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાં પધાર્યા.**

૨ . જીવ ગુરુતા–લઘુતાને કેવી રીતે પામે છે? **સાચું.**

૩. કર્મના લેપ–અલેપનો ઉપાય બતાવ્યો છે. **ખોટું. કર્મના લેપ–અલેપના ફળનું વર્ણન દર્શાવ્યું છે.**

૪ . જીવ શીઘ્ર ગુરુત્વને પામે છે. **સાચું.**

૫. અપૌરુષિક એટલે એકદમ ઊંડું પાણી. **ખોટું. અપૌરુષિક એટલે માથોડાથી વધુ ઊંડું પાણી.**

(૫)

**પ્ર. ૫ નિરયાવલિકા (વૃષ્ણિદશા) સૂત્રના આધારે મને ઓળખો.**

૧. હું અરિષ્ટનેમિ ભગવાનનો મુખ્ય શિષ્ય છું. **વરદત્ત મુનિ.**

૨. મેં ધર્મની આદિ કરી હતી. **ભગવાન અરિષ્ટનેમિ**

૩. વીરાંગદ કુમારે મારી પાસેથી ૧૧ અંગનો અભ્યાસ કર્યો. **સિદ્ધાર્થ આચાર્ય**

૪. મેં દ્વારિકા નગરીને દેવલોક જેવી બનાવી હતી. **કુબેર**

૫. હું સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થયો છું. **નિષધ અણગાર**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. ભોગે **ભોચ્ચા વમિત્તા ય, લહુભૂય વિહારિણો ।**

**અમોયમાણા ગચ્છંતિ, દિયા કામકમા** ઈવ ॥

**અર્થ : વિવેકી વ્યક્તિ ભોગ ભોગવીને યથાવસરે તેનો ત્યાગ કરે છે અને આરંભ–પરિગ્રહથી મુક્ત થઈને, પોતાની ઈચ્છા અનુસાર સ્વતંત્ર વિચરણ કરનારા પક્ષીની જેમ સાધુચર્યામાં પ્રસન્નતા સાથે અર્થાત્ સ્વેચ્છાએ વિહાર કરે છે.**

૨. પુરોહિયં **તં કમસોડણુણંતં, ણિમંતયંતં ચ સુએ ધણેણં ।**

**જહ કમ્મં કામગુણેહિં ચેવ, કુમારગા તે પસમિક્ખં** વક્કં ॥

**અર્થ : એક પછી એક પ્રલોભન આપતા, વારંવાર અનુનય કરતા અને પુત્ર પ્રાપ્તિનું, ધનનું કે ભોગસુખનું નિમંત્રણ કરતા એવા ભૃગુ પુરોહિતને કુમારોએ વિચારપૂર્વક આ પ્રમાણે કહ્યું.**

૩. ણાહં **રમે પક્ખિણી પંજરે વા, સંતાણછિણ્ણા ચરિસ્સામિ મોણં ।**

**અકિંચણા ઉજ્જુકડા ણિરામિસા, પરિગ્ગહારંભ નિયત્ત** દોસા ॥

**અર્થ : જેમ પિંજરામાં પંખિણી સુખી થતી નથી, તેમ આ રાજ્યસુખથી ભરેલા અંતઃપુરમાં હું પણ આનંદ પામતી નથી, માટે સ્નેહરૂપી તાંતણાને છેદીને તથા આરંભ અને પરિગ્રહના દોષથી નિવૃત્ત, અકિંચન (પરિગ્રહ રહિત થઈને) નિરાસક્ત અને સરળ સ્વભાવી બનીને સંયમમાર્ગમાં વિચરણ કરીશ.**

૪. પિય **પુત્તગા દોણ્ણિ વિ માહણસ્સ, સકમ્મસીલસ્સ પુરોહિયસ્સ ।**

**સરિત્તુ પોરાણિયં તત્થ જાઈ, તહા સુચ્ચિણં તવ** સંજમં ચ ॥

**અર્થ : બ્રાહ્મણને યોગ્ય યજ્ઞ વેગેરે ક્રિયાઓમાં સંલગ્ન ભૃગુ પુરોહિતના આ બંને પ્રિય પુત્રોએ એકવાર મુનિ ને જોયા. તેમને પૂર્વજન્મ તથા તે જન્મમાં સમ્યક્રૂપે આચરણ કરેલા તપ અને સંયમનું સ્મરણ થયું.**

૫. અજ્જેવ **ધમ્મં પડિવજ્જયામો, જહિં પવણ્ણા ણ પુણબ્ભવામો ।**

**અણાગયં ણેવ ય અત્થિ કિંચિ, સદ્ધાખમં ણે વિણઇત્તુ** રાગં ॥

**અર્થ : જે ધર્મનો સ્વીકાર કરવાથી ફરી જન્મ–મરણ ન કરવા પડે, તે સંયમધર્મને અમે આજે જ અંગીકાર કરશું. આ સંસારમાં જીવ માટે કાંઈપણ નવીન કે અપ્રાપ્ત નથી અર્થાત્ બધા જ સુખો કે પદાર્થો અનંતવાર ભોગવાઈ ગયા છે, માટે હે પિતાજી ! તમે અમારા ઉપરથી રાગભાવ દૂર કરી ધર્મની શ્રદ્ધા કરો.**

(૨૦)

**પ્ર. ૭ પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

**૧. એક જીવ અપેક્ષા અને અનેક જીવ અપેક્ષા પાણી, ધીમેલ, ઉંદર, અસુરકુમારની ભૂત–ભવિષ્ય–વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો. (૮)**

| એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| પાણી | અનંત | ૧ | ૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ધીમેલ | અનંત | ૪ | ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ઉંદર | અનંત | ૮ | ૮, ૯, ૧૬, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| અસુરકુમાર | અનંત | ૮ | ૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| પાણી | અનંત | અસંખ્યાત | અનંત |
| ધીમેલ | અનંત | અસંખ્યાત | અનંત |
| ઉંદર | અનંત | અસંખ્યાત | અનંત |
| અસુરકુમાર | અનંત | અસંખ્યાત | અનંત |

૨. નારકી ૧૭ દ્રવ્યેન્દ્રિયો કેવી રીતે કરે છે? (૧×૨)

**નારકી મરીને તિર્યંચ પંચેન્દ્રિયનો ભવ કરી, પછી એકેન્દ્રિયનો ભવ કરીને, ત્યારપછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય ૮+૧+૮=૧૭.**

૩. ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિય કેમ નિયમા કહી છે.

**કોઇપણ જીવ મોક્ષ પ્રાપ્તિ પહેલા મનુષ્યનો ભવ અવશ્ય કરે છે.**

**(આ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. એક જીવ અપેક્ષા ને અનેક જીવ અપેક્ષા સંમૂર્ચ્છિમ મનુષ્ય, રત્નપ્રભા, કોડાની ભૂત–ભવિષ્ય–વર્તમાન ની ભાવેન્દ્રિય લખો. (૬)

| એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | અનંત | ૫ | ૫, ૬, ૭ સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| રત્નપ્રભા | અનંત | ૫ | ૫, ૧૦, ૧૫, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| કોડા | અનંત | ૨ | ૬, ૭ સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | અનંત | અસંખ્યાત | અનંત |
| રત્નપ્રભા | અનંત | અસંખ્યાત | અનંત |
| કોડા | અનંત | અસંખ્યાત | અનંત |

૨. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય કેટલી છે? બે શબ્દમાં લખો. **આઠ, પાંચ** (૧×૪)

૩. ભાવેન્દ્રિય કયા કર્મના ક્ષયોપશમથી હોય છે? એક શબ્દમાં લખો. **જ્ઞાનાવરણીય.**

૪. ભાવેન્દ્રિયનો ત્રીજો આલાપક લખો.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ૨૪ દંડકમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો.**

૫. ગુલાબનો જીવ છ ભાવેન્દ્રિય કેવી રીતે કરે?

**ગુલાબનો જીવ એક એકેન્દ્રિયના ભવ કરીને પછી મનુષ્યનો ભવ કરી મોક્ષે જાય.**

(૧૦)

**પ્ર. ૮ કોઠો બનાવીને માર્ગણા લખો.**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. અધોલોકમાં કૃષ્ણલેશી બાદરમાં | ૬ | ૩૮ | ૩ | ૫૦ | ૯૭ |
| ૨. અધોલોકમાં પંચેન્દ્રિય કૃષ્ણલેશી નોગર્ભજમાં | ૬ | ૧૦ | ૧ | ૫૦ | ૬૭ |
| ૩. અધોલોક ગર્ભજમાં | ૦ | ૧૦ | ૨ | ૦ | ૧૨ |
| ૪. અધોલોક બાદરમાં | ૧૪ | ૩૮ | ૩ | ૫૦ | ૧૦૫ |
| ૫. ઘ્રાણેન્દ્રિય મિશ્ર યોગ શાશ્વતામાં | ૭ | ૧૨ | ૧૫ | ૮૫ | ૧૧૯ |
| ૬. એકાત નપુંસક બાદરમાં | ૧૪ | ૨૮ | ૧૦૧ | ૦ | ૧૪૩ |
| ૭. ઉર્ધ્વલોક સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૧૮ | ૦ | ૭૦ | ૮૮ |
| ૮. વચનયોગી દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૯૯ | ૯૯ |
| ૯. અધોલોક અવધિદર્શનમાં | ૧૪ | ૫ | ૨ | ૫૦ | ૭૧ |
| ૧૦. એકાંત અસંજ્ઞી અપર્યાપ્તામાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૦ | ૧૨૦ |

**જય – જિનેન્દ્ર**


❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.

❋ NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.

❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.

❋ FOR BOOKS AND EXAM REGISTRATION.